દાદા ભગવાન પરિવારનું

ઓક્ટોબર ૨૦૧૯

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# જગત કલ્યાણ

## સંપાદકીય

બાળમિત્રો,

### મારે જગત કલ્યાણ કરવું છે...
### એક કામ દાદાનું કરવું છે...

આ પદ આપણે કેટલી વાર ઉલ્લાસપૂર્વક ગાઈએ છીએ અને જગત કલ્યાણની ભાવના ભાવીએ છીએ. પરમ પૂજ્ય દાદાશ્રી કેટલાય અવતારોથી આ એક જ ભાવના ભાવતા આવેલા કે 'જગતનું કલ્યાણ થાઓ' અને આ ભવમાં પણ આ જ એક ધ્યેય માટે જીવન જીવી રહેલા. આપણે સહુ ભાગ્યશાળી છીએ કે નાનપણથી જ આપણને પણ દાદાની આ ભાવનાને ટેકો આપવાનો મોકો મળ્યો. આપણે તો સહુ દાદાની બાળ-સેના છીએ અને બધા ભેગા મળીને દાદાના આ મિશનને જરૂરથી આગળ ધપાવીશું. ખરું ને ?

તો આવો, આ અંકમાં આપણે જગત કલ્યાણની ભાવના વિશે જાણીએ, જેથી ક્યારેક દાદાના કામમાં કંટાળો આવે કે પાછીપાની થાય તો આ સમજણ, આ ભાવનાનું મહત્વ આપણને એમ કરતા અટકાવી શકે.

- ડિમ્પલ મહેતા

અક્રમ એક્સપ્રેસ

Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.

© 2019, Dada Bhagwan Foundation
All Rights Reserved

વર્ષ : ૧૨, અંક : ૨
સળંગ અંક : ૧૩૪
ઓક્ટોબર ૨૦૧૯

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# દાદાજી કહે છે...



## જગત કલ્યાણ

- પોતાના આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવું એને આત્મ કલ્યાણ કહેવાય.
- જગત કલ્યાણ એટલે લોકોને આત્મા તરફ વાળવા.



## સમાજ કલ્યાણ

- કોઈને મદદ કરીએ, એને સમાજ કલ્યાણ કહેવાય.



## જગત કલ્યાણની ભાવનાનું ફળ શું ?

- દાદાના જગત કલ્યાણના પ્રોજેક્ટમાં સેવાનું એન્ડ રીઝલ્ટ લોકોને સુખ શાંતિ થશે. બીજાને કંઈ પણ સુખ આપો ને, તો સામે તમને સુખ અને શાંતિ મળે જ.
- તીર્થંકરોએ પણ જગત-કલ્યાણની ભાવના જ ભાવેલી બસ. ખાવાનું જે મળે, સુવાનું જે મળે, પણ નિરંતર ભાવના શી હોય ? જગતનું કેમ કરીને કલ્યાણ થાય.



# મીઠી યાદેં

૧૯૯૦ની સાલમાં જ્યારે નીરુમા ટેમ્પો ટ્રાવેલરમાં બેસીને મુંબઈથી ગુજરાત જવા નીકળતા ત્યારે બોરીવલીમાં એક ખાસ જગ્યાએ ઊભા રહેતા. એ જગ્યાએ ભગવાનનું મંદિર બને એવી એમને ભાવના થતી. તેઓ કહેતા કે ઊંચી ટેકરી હોય, બાજુમાં નદી પસાર થતી હોય ત્યાં પદ્માવતી માતાનો વાસ હોય. ત્યાં જો ભગવાનનું મંદિર બને, તો બહુ કલ્યાણ થાય.

હવે જે સમયમાં મુંબઈ જેવી જગ્યાએ મંદિર બનાવવાનો વિચાર પણ ઘણા મહાત્માઓને અશક્ય જેવો લાગતો, તે સમયમાં નીરુમાએ એ જગ્યાએ મંદિર બને એવી પ્રબળ ભાવના ભાવેલી. તેઓ કહેતા કે દાદા ભગવાન પણ જ્યારે આ રસ્તેથી પસાર થતા, ત્યારે આ જ જગ્યાએ ઊભા રહીને ખૂબ વિધિઓ કરતા. કહે છે ને કે જ્ઞાનીઓ જ્યાં વિચરે, ત્યાં તીર્થ-ભૂમિ બની જાય. અને આજે એવું જ બની ગયું.

પંદર વર્ષ બાદ, ૨૦૦૫ની સાલમાં, અમેરિકામાં એક મહાત્માબહેન નીરુમાને મળ્યા. એ બહેન મુંબઈના રહેવાસી હતા. નીરુમાનું વધુ સાનિધ્ય મેળવવા તેઓ અમેરિકા ગયા હતા. વાતવાતમાં એ બહેને જણાવ્યું કે મુંબઈ બોરીવલીમાં એમની જમીન પર મંદિરનું નિર્માણ થઈ શકે. ઈન્ડિયા પાછા ફર્યા બાદ, નીરુમા મહાત્માઓ સાથે એમની જમીન જોવા ગયા. મહાત્માઓએ બે જગ્યા બતાવી. જોગાનુજોગ, એક જગ્યા તો એ જ હતી જ્યાં વર્ષો પહેલાં નીરુમાએ મંદિર બને એવી ભાવના ભાવેલી. નીરુમાને એ જગ્યા એટલી પસંદ પડી ગઈ કે તેમણે ત્યાં બેસીને ખૂબ સુંદર વિધિ કરી. નીરુમાએ પોતાના અંતિમ દિવસોમાં પણ આ મંદિર માટે ખૂબ વિધિઓ અને પ્રાર્થનાઓ કરેલી.

નીરુમાના દેહવિલય બાદ, તે જગ્યાએ મંદિરના નિર્માણ અર્થે ઘણી બધી મુશ્કેલીઓ આવી. પણ આજે, દાદા, નીરુમા અને પૂજ્યશ્રીના આશીર્વાદથી, દેવ-દેવીઓની સહાયથી અને મહાત્માઓના પોઝિટિવ પ્રયત્નોથી, નીરુમાએ ભાવેલી ભાવના સાકાર થઈ રહી છે.



**નવેમ્બર ૭ થી ૧૨, મુંબઈ (બોરીવલી)માં પરમપૂજ્ય દાદા ભગવાનની જન્મજયંતીની ઊજવણી સાથે ત્રિમંદિરનો ભવ્ય પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ પણ ઊજવાશે. સાથે ત્યાં આનંદ ખૂટે જ નહીં એવી અદ્ભૂત બાળદુનિયા પણ રચાઈ રહી છે. ચાલો, તો નીરુમાની ભાવનાને સાકાર થતી જોવા, મળીએ મુંબઈમાં.**



# જાદુઈ મંત્ર





"કાકી, કાકી..કિશન ઘરમાં છે કે ? પશાકાકા નદીએ નહાવા ગયેલા અને કિશન એમના કપડાં લઈને ભાગી ગયો. કાકા લાકડી લઈને એને શોધી રહ્યા છે. આજે તો એ નહીં છૂટી શકે," કિશનના ઘર આંગણે આવીને શંભુએ મોટા અવાજે ઘોષણા કરી.

"અરે, જા જા શંભુડા, તારું કામ કર," કિશને બહાર આવી અકડાઈથી કહ્યું, "કાકા તો શું, કાકાના બાપા પણ મને નહીં પકડી શકે."

કિશનનું વાક્ય અધૂરું હતું, ત્યાં તો એના બાપુજી ફળિયામાં પ્રવેશ્યા. શંભુ તો ભાગી ગયો પણ બાપુજીનો લાલ-પીળો ચહેરો જોઈને કિશનના ધબકારા વધી ગયા. બાપુજી કિશનને ફટકો આપે એ પહેલાં પશાકાકા ત્યાં આવી પહોંચ્યા.

"માફ કરજો પશાભાઈ," બાપુજીએ પશાકાકાને હાથ જોડીને કહ્યું, "આ છોકરાના તોફાનથી તો હું ત્રાસી ગયો છું. હું એને સજા કરીને થાક્યો પણ એ તોફાન કરીને હજુ થાક્યો નથી. આજે તો તમે જ એને સજા ફટકારો."





પશાકાકાએ લાકડી પછાડી અને કિશનને ધ્રાસકો પડ્યો.

"તો છોકરા, તારી સજા એ છે કે...."

કિશને પશાકાકાની આંખોમાં જોયું અને તરત જ નજર નીચે ઢાળી દીધી.

"તારી સજા એ છે કે આજે સાંજે તારે સંતશ્રીનું પ્રવચન સાંભળવા મંદિરે આવવું પડશે. અને હા, ખબરદાર જો પાછળ બેઠો છે તો. મારી નજર તારા પર રહેશે." કહી પશાકાકા ત્યાંથી નીકળી ગયા.

કિશનને "હાશ" થઈ. આટલી સહેલી સજા તો એને પહેલાં ક્યારેય નહોતી મળી. પ્રવચનમાં એ આગલી જ હરોળમાં ગોઠવાઈ ગયો.

સંતશ્રીએ એક કથાથી પ્રવચન શરૂ કર્યું.

"એક ગામમાં નિરંજનદાસ નામનો એક સરળ ભક્ત રહેતો હતો. એક દિવસ એક ભૂખ્યો તરસ્યો મુસાફર નિરંજનની ઝૂંપડીએ આવી ચડ્યો. નિરંજને ખૂબ દિલથી મુસાફરને ભોજન કરાવ્યું. નિરંજનના સત્કારથી પ્રસન્ન થઈ, મુસાફરે નિરંજનને એક જાદુઈ મંત્ર આપ્યો અને કહ્યું, "આ મંત્ર બોલવાથી તારું જબરદસ્ત કલ્યાણ થશે. પણ એક વાતનું ખાસ ધ્યાન રાખજે. આ મંત્ર ફક્ત તારા માટે જ છે. જો આ મંત્ર તે બીજાને કહ્યો તો બીજાનું કલ્યાણ તો થઈ જશે, પણ તારે નર્કે જવું પડશે."

આ સાંભળી નિરંજન તરત જ ગામના ચોકમાં દોડ્યો. મુસાફર નિરંજનની પાછળ દોડ્યો. નિરંજને મોટા અવાજે ત્યાં ઉપસ્થિત બધા જ ગામવાસીઓને મંત્ર કહી સંભળાવ્યો.

મુસાફરને આશ્ચર્ય થયું. એણે નિરંજનને પૂછ્યું, "ભાઈ, તેં આવું શા માટે કર્યું ?"

નિરંજને ખૂબ સરળતાથી જવાબ આપ્યો, "જો હજારોનું કલ્યાણ થતું હોય તો મને સો વાર નર્કે જવાનું મંજૂર છે !"

સંતશ્રી બોલ્યા, "બસ, નિરંજનને નિરંતર એ જ ભાવના રહેતી કે કેમ કરીને લોકોને સુખ થાય અને એમના દુઃખો મટે. અને નિયમ એવો છે કે જે અન્યના કલ્યાણ માટે જીવે, એને ક્યારેય કોઈ દુઃખ સ્પર્શી ના શકે. લોકોના સુખ માટે જીવો તો તમને કોઈ દુઃખ નહીં આવે. લોકોના કલ્યાણની ફક્ત ભાવના જ ભાવશો, તો પણ તમને સુખ ઉપજશે."

વાર્તા તો પૂરી થતા કિશને સંતને પ્રશ્ન પૂછ્યો, "મહારાજ, તમે પણ કાયમ ખુશ જ દેખાવ છો. તો શું તમારી પાસે પણ કોઈ જાદુઈ મંત્ર છે ?"

યુવકની આવી અવલોકન શક્તિ જોઈને સંત પ્રસન્ન થયા. "આ પ્રશ્નનો જવાબ હું તને ચોક્કસ આપીશ." કહી સંત મૌન થઈ ગયા.

આ વાર્તાલાપને મહિનાઓ વીત્યા. અચાનક એક દિવસ સંતશ્રી, પરોઢિયે કિશનના ઘરે આવી ચડ્યા.

કિશનને ઊંઘમાંથી જગાડ્યો અને કહ્યું, "અરે, તું હજી ઊંઘે છે ? તારા પૂછેલા પ્રશ્નનો જવાબ મને જડી ગયો. એ કહેવા આવ્યો છું."

કિશન પથારીમાંથી બેઠો થયો. "બોલો મહારાજ," આળસ મરડતા એણે કહ્યું.

"આજે શુક્રવાર થયો. આવતા શુક્રવારે તું મૃત્યુ પામીશ," કહી સંત ત્યાંથી ચાલી નીકળ્યા.

કિશનના હોંશ ઊડી ગયા. "હેં...પણ મહારાજ સાંભળો તો...હું તો હજી યુવાન છું." કિશન મહારાજની પાછળ દોડ્યો. પણ સંતે તો પાછળ વળીને પણ ન જોયું.

થોડી વાર સુધી તો કિશનને કંઈ જ સૂઝયું નહીં. એને થયું, "આ ક્યાં મારા સવાલનો જવાબ હતો ? પણ જે હોય તે. જો આમની વાત સાચી નીકળી તો ?" કિશનને એક જબરદસ્ત ભય ઘેરી વળ્યો.


તે દિવસે કિશન સાવ સૂનમૂન બનીને બેસી રહ્યો. તોફાન કરવાનો રસ જ જાણે ઊડી ગયો. રાતના ઊંઘ પણ નહોતી આવી રહી. અચાનક એને સંતે પ્રવચનમાં કહેલા શબ્દ યાદ આવ્યા. એને મનમાં થયું, "હવે થોડું જ જીવવાનું છે તો પછી સારા કામ કેમ ન કરું."

અને સાત દહાડા માટે કિશનના દિલમાં લોકોના સુખ માટે જીવવાનો ધ્યેય બંધાઈ ગયો. અને કમાલ થઈ. સુખ આપવાનું નક્કી કર્યું, ત્યારથી જ એની નિરાશા ગાયબ થઈ ગઈ અને એક ગજબની સ્ફૂર્તિ વર્તાઈ.

બીજા દિવસથી એણે લોકોના કામ કરવાના શરૂ કર્યા. કોઈકને વૈદ્ય પાસે લઈ ગયો તો કોઈકના માટે શાક લઈ આવ્યો. ક્યારેક વડીલોના દિલની વાતો સાંભળી તો ક્યારેક એમને મંદિરે તેડી ગયો. શાળામાં શિક્ષકને મદદરૂપ થયો અને ઘરે બા-બાપુજીના કામ કર્યા. કિશનમાં આવેલા પરિવર્તનને જોઈને બા-બાપુજીને ખૂબ નવાઈ લાગી. પણ કારણ ન સમજાયું.

સવારનો સમય હતો. કિશન ઘર આંગણે પંખીઓને દાણા ખવડાવી રહ્યો હતો. ત્યાં તો બાનો રસોડામાંથી અવાજ આવ્યો, "કિશન દીકરા, આ શુક્રવારનો પ્રસાદ રમાકાકીના ઘરે આપી આવ તો."

"શુક્રવાર" સાંભળીને કિશનના દિલના ધબકારા વધી ગયા. આશ્ચર્યની વાત એ હતી કે લોકોની મદદ કરવામાં કિશન એટલો ખુશ રહેતો હતો કે શુક્રવાર આવી ગયો એનો એને ખ્યાલ પણ ન રહ્યો.



પણ હવે એ ભયભીત બની ગયો. રમાકાકીને પ્રસાદ આપી એ મંદિરે દોડ્યો.

મંદિરના દરવાજે જ એને સંત મળી ગયા. ગભરાયેલા અવાજે, બે હાથ જોડીને એ બોલ્યો, “આજે શુક્રવાર થયો.” આગળ કશું પણ પૂછવાની હિંમત ન થઈ.

“ગભરાઈશ નહીં, દીકરા. તને કશું જ નથી થવાનું,” સંતે કિશનને આશ્વાસન આપ્યું. સંતના ચહેરા પર હંમેશાં જેવી પ્રસન્નતા હતી.

“તો આપે કહેલું ને કે શુક્રવારે...”ફરી કિશનથી આગળ કશું બોલાયું નહીં.

“એ તો તારા સવાલનો જવાબ આપવા ખાતર કહેલું,” સંત બોલ્યા. કિશનને કંઈ જ સમજાયું નહીં.

“તું એમ કહે, કે તારું આ અઠવાડિયું કેવું વીત્યું ?” સંતે પૂછ્યું.

પાછલા અમુક દિવસો યાદ કરી કિશનની આંખોમાં ચમક આવી ગઈ. એ બોલ્યો, “મહારાજ, ખૂબ આનંદમાં વીત્યું. પહેલા દિવસે હું અતિશય દુઃખી હતો. પણ તે રાત્રે મેં લોકોને સુખ આપવાની ભાવના ભાવી. અને બસ, તે જ ક્ષણથી હું મારું દુઃખ ભૂલી ગયો. આપે ખરું કહેલું, લોકોને મદદરૂપ થવાની ખુશી અનેરી છે.”


સંતે ખૂબ પ્રેમથી કિશનના માથે હાથ મૂકીને કહ્યું, “બસ, આ જ તારા સવાલનો જવાબ છે. તેં મને ખુશ-ખુશાલ રહેવાનું કારણ પૂછ્યું હતું ને. જે કાંઈ તેં એક અઠવાડિયું કર્યું, તે હું હંમેશાં કરું છું. અને તેથી જ મારું જીવન આટલું સુખમય છે. લોકોને સુખ આપવાની ભાવના - એ જ મારો જાદુઈ મંત્ર.”

કિશને સંતના ચરણોમાં માથું ઝૂકાવ્યું અને લોકોના કલ્યાણ માટે જીવવાની દ્રઢ ભાવના ભાવી.



# ચાલો રમીએ...

નીચે આપેલા પેરેશ્યુટસમાં, આ ઈશ્યુની વાર્તાઓમાં વપરાયેલા શબ્દોના અક્ષરો મૂકેલા છે.દોરીઓથી જોડાયેલા પેરેશ્યુટસના અક્ષર સરખા જ છે. ચાલો, એ શબ્દો શોધી કાઢીએ...





જ્ઞાની પુરુષ તો ઓરડીમાં બેઠાં બેઠાં આખા જગતમાં ફરે અને જગતનું કલ્યાણ કરે. એવું તો કોઈ ન કરી શકે.

# આ

## નવી જ



'હે ભગવાન ! મને સુખી કરો.' - અરજી નકામી જાય.



'હે ભગવાન ! ઘરના બધા માણસો સુખી થાય.' - શાંતિ થાય.



'હે ભગવાન ! આખા જગતનું કલ્યાણ થાવ' - ખરો સુખી થાય.

ભાવનાથી પણ કલ્યાણ થાય તેવું છે. ભાવના કોણ કરી શકે ? જેને કંઈ જ જોઈતું નથી.



# તો વાત !



રોજ સવારે નાહીધોઈને ભગવાનની પૂજા કરીને બોલવું કે 'મને તથા જગતને સદ્બુદ્ધિ આપો, જગત કલ્યાણ કરો.' આટલું બોલે તો સંસ્કાર મળ્યા કહેવાય.


દીવડો
અતિશય ગરમીમાં આખા દિવસની મહેનત પછી, નંદાને એક સિક્કાની કમાણી થઈ.
ઘણા દિવસ પછી આજે એક રોટલો નસીબ થશે.
ત્યાં તો રાજમહેલની બહાર ડંકો વાગ્યો.
રાજાજીની ખાસ સૂચના સિવાય આ ડંકો તો ક્યારેય વાગતો નથી.
સહુ રાજ્યવાસીઓ રાજમહેલની બહાર એકત્રિત થયા. નંદા પણ ત્યાં પહોંચી ગઈ.
સાંભળો, સાંભળો. મહારાજાનો સંદેશ છે કે આજે રાત્રે હવેલીના મંદિરમાં મહર્ષિ પધારવાના છે. પ્રજાને ત્યાં ઉપસ્થિત રહેવાનું નિમંત્રણ છે.
અને ખાસ જણાવવાનું કે એક દીવડો લઈને આવજો. મહર્ષિની હાજરીમાં દીવડો પ્રગટાવીને તમારી મનોકામના પૂર્ણ કરજો.
પ્રજામાં ઉમંગ-ઉલ્લાસ પ્રસરી ગયો.
આ એક સિક્કાની કમાણી કદાચ દીવો પ્રગટાવવા માટે જ થઈ હશે.
પેટની ભૂખ ભૂલીને નંદા એક સિક્કાનું તેલ ખરીદવા દોડી. ઘેરથી માટીનું કોડિયું લાવી, એણે હોંશે હોંશે મંદિરના ચોકમાં દીવડો પ્રગટાવ્યો.



અતિસુંદર વસ્ત્રોમાં સજ્જ રાજ્યવાસીઓએ, શણગારેલા કોડિયામાં દીવડાઓ પ્રગટાવ્યા. મહર્ષિની હાજરીમાં, ઝગમગતા દીવડાઓથી મંદિરનો ચોક ઝળહળી ઊઠ્યો.
રાજાજીની પવિત્ર ભાવના જ અમને અહીંયાં ખેંચી લાવી છે. તમારા સહુની મનોકામના જરૂર પૂર્ણ થશે.
મહર્ષિના આશીર્વચનો સાંભળીને સહુ ઘરે જવા રવાના થયા.
રાત પડી. અચાનક વીજળીના કડાકા અને ભડાકા સાથે મુશળધાર વરસાદ વરસ્યો. નંદાના પેટમાં પણ કડાકા બોલી રહ્યા હતા. પણ એનું મન શાંત અને પ્રફુલ્લિત હતું.
બીજા દિવસે,
સવારે મને પૂજારીજી મળ્યા. એમણે જણાવ્યું કે મંદિરના ચોકમાં એક ગજબનો ચમત્કાર થયો છે.
શું ચમત્કાર ?
મુશળધાર વરસાદમાં એક દીવડો હજી બુઝાયો નથી.



જરૂર રાજાજીએ પ્રગટાવેલો દીવડો હશે. ચાલો, ચાલો જઈએ જોવા.
ધીરે ધીરે ચમત્કારની ચર્ચા આખા રાજ્યમાં ફેલાઈ. ચમત્કાર નિહાળવા મંદિરે મોટું ટોળું ઉમટ્યું.
ચમત્કારની વાત રાજાજી સુધી પહોંચી. મહર્ષિને તેડીને રાજાજી મંદિરે પહોંચ્યા. જોયું તો એક માટીના કોડિયામાં પ્રગટાવેલો દીવડો પ્રજ્જવલિત હતો.
આ કેવી રીતે શક્ય છે, પ્રભુ ?
દીવડો પ્રગટાવતી વખતે એમણે એટલી પ્રબળ ભાવના ભાવી હતી કે વરસાદ તો શું, સાત સમુંદરનું જળ પણ આ દીવડાને નહીં ઓલવી શકે.
રાજા અને પ્રજાને જબરદસ્ત આશ્ચર્ય થયું !
એવી તો શું ભાવના હતી, પ્રભુ ? અને કોણે કરેલી એ ભાવના ?



નંદાદેવીની પ્રબળ ભાવનાનું આ પ્રતીક છે. આપ સહુએ દીવડો પ્રગટાવતી વખતે પોતાના અથવા પોતાના પરિવાર માટે સુખ, સંપત્તિ, સ્વાસ્થ્ય વગેરેની માંગણી કરી.
પરંતુ નંદાએ જગતના લોકોના દુઃખો મટે અને સહુ સુખ શાંતિને પામે, મુક્તિનો પંથ પામે, એવી તીવ્ર ભાવના ભાવી.
આવી ઉત્કૃષ્ટ ભાવનાને રાજા અને પ્રજાએ મનોમન વંદન કર્યા.
રાજમહેલના રસોડામાંથી જાત જાતની વાનગીઓ મંગાવીને રાજા નંદાની ઝૂંપડીએ પહોંચ્યા.
અરે રાજાજી, આપ આ ગરીબની ઝૂંપડીએ !
જેના હૃદયમાં ફક્ત અન્યના કલ્યાણની જ ભાવના હોય અને જેને પોતાના માટે કશું જ જોઈતું ન હોય, એનાથી વધુ શ્રીમંત આ દુનિયામાં બીજું કોણ હોઈ શકે !
રાજાનું મસ્તક નંદાની શ્રીમંતાઈ સામે ઝૂકી ગયું.



# જીવંત ઉદાહરણ

ભણતર પૂરું કર્યા બાદ, ગાંધીજી શરૂઆતમાં વકીલ તરીકે નિષ્ફળ ગયા હતા. પણ પાછળથી તેઓ એક સફળ વકીલ તરીકે સિદ્ધિ પામ્યા. એમને કોર્ટમાં વ્યર્થ દલીલોથી મેળવેલા નફામાં કોઈ રસ નહોતો. તેઓ બંને પક્ષનું હિત જ ઈચ્છતા હતા. તેથી બને ત્યાં સુધી તેઓ કોર્ટની બહાર જ બંને પક્ષનું સંતોષપૂર્વક સમાધાન કરાવતા.

આમ ગાંધીજી વકીલાતને પણ એક સેવા તરીકે લેવા લાગ્યા. નફાની પરવા કર્યા વગર તેઓ કામ કરતા. તે સમયમાં એમની વાર્ષિક આવક લગભગ વીસથી ત્રીસ હજાર ડોલર હતી. તેઓ સુખ સગવડ ભર્યું જીવન જીવતા હતા.

પણ જ્યારે સફળ વકીલાત અને એશ-આરામવાળું જીવન સેવાના આડે આવ્યું, ત્યારે ગાંધીજીને એ બધું છોડતા પણ વાર ના લાગી. પોતાની જાત માટે જીવવું કે બીજાના સુખ માટે, જીવનના દરેક તબક્કે તેઓ આ તપાસ કરતા અને હંમેશા બીજાના સુખ માટે જીવવાનું પસંદ કરતા. બીજાના સુખ માટે પોતાનું સુખ જતું કરવું અઘરું હતું. પણ એમ કરવાથી જે મુક્તતા અને આનંદનો અનુભવ તેમને થતો ગયો, તે વર્ણન થાય નહીં એવો હતો.

તેમણે નર્સિંગની ફિલ્ડમાં સેવા શરૂ કરી. સાથે સાથે, 'ઈન્ડિયન ઓપિનિયન' નામનું એક વીકલી ન્યુઝ મેગેઝિન શરૂ કર્યું. ૧૮૯૯માં સાઉથ આફ્રિકામાં જ્યારે યુદ્ધ ફાટી નીકળ્યું, ત્યારે તેમણે ત્યાં વસેલા લોકલ ભારતીયોની મદદથી એમ્બ્યુલન્સ સર્વિસ શરૂ કરી.

આમ, મહાત્મા ગાંધીની સાઉથ આફ્રિકામાં શરૂ થયેલી આ અદ્‌ભૂત સેવા યાત્રા ભારત પાછા ફર્યા બાદ એમના અંતિમ શ્વાસ સુધી ચાલી.


# Magical answers



સપ્ટેમ્બર ૨૦૧૯ મહિનાની અકમ એક્સપ્રેસની વાર્તા 'ટેન્ગો અને પીંગો' માં અમે તમને ઓપીનો જાદુઈ આઈડિયા શોધીને મોકલાવવા કહેલું તમારા રિસ્પોન્સ મેળવીને અમે ખૂબ હેપ્પી થયા છીએ. અને એટલે જ, તમારા નામ ઓક્ટોબર ૨૦૧૯ ના અંકમાં વાર્તાના કેરેક્ટર્સ માટે વપરાયા છે. તો નવેમ્બર ૨૦૧૯ અંકની રાહ જુઓ અને આ મહિના અંકને એન્જોય કરો.







OPI'S MAGIC TRICK
Opi told pingo to not see others faults. It was pingo's mickake that he felt bad of Tengo's teasing. Opi's trick was that pingo should be kind with Tengo, even if he got teased by him.
From: Paridnya Rathod
Std: III A Gopalan National school (Banglore)

1 Paridnya Rathod
Banglor

કોઇ આપણી મશ્કરી કરે તો આપણે એને માફ કરી દેવા જોઇએ, અને આપણે કોઇની મશ્કરી ક્યારેય પણ ના કરવી જોઇએ.

2 Bhavya Tank
Dhoraji



Puzzle Answer:

૧) જગત કલ્યાણ ૨) સમજશક્તિ ૩) ઉદ્દેશ ૪) નિરંતર ૫) નિમંત્રણ
૬) નિર્ધન ૭) સિહાંસન ૮) રણસંગ્રામ ૯) શુક્રવાર ૧૦) મંત્ર



# ઐતિહાસિક ગૌરવગાથા

કોશલ દેશના રાજા દાનેશ્વરી તરીકે પ્રસિદ્ધ હતા. માતા-પિતાની પાસે જેમ બાળક દોડી જાય, તેમ દુઃખમાં દુઃખી લોકો તેની પાસે દોડી જતા.

કોશલરાજની એ કીર્તિ કાશીરાજથી સહન ના થઈ. તે ઈર્ષ્યાથી બળવા લાગ્યો, 'મારી પ્રજાના માણસો મારા કરતા કોશલરાજને મોટો માને ?'

એક દિવસ તેણે પોતાના સેનાપતિને કહ્યું, "સેનાપતિ, ચાલો હાથમાં તલવાર લો અને લશ્કર તૈયાર કરો. મારા કરતા કોશલરાજને મોટા થવું છે. તો એને જરા પાઠ શીખવીએ."

કાશીરાજે સૈન્ય તૈયાર કરી, કોશલ દેશ ઉપર ચડાઈ કરી. કોશલરાજ રણસંગ્રામમાં હારી ગયો અને જંગલમાં પલાયન થઈ ગયો. વિજયી કાશીરાજે દરબાર ભરી સભાસદનોને હસતા હસતા કહ્યું, "જેનામાં ધન સાચવવાની તાકાત ન હોય, તેણે દાનેશ્વરી થવા નીકળવું ન જોઈએ."



પણ પ્રજાએ પોતાના નવા રાજાનો સ્વીકાર ના કર્યો. ઠેર-ઠેર લોકો રડી રહ્યા હતા, "અમારું છત્ર ચાલી ગયું, આખા જગતના મિત્ર કોશલરાજના શત્રુને ધિક્કાર હોજો."

નગરજનોની આ લાગણી જોઈ, કાશીરાજ ગુસ્સાથી સળગી ઊઠ્યો. તેને થયું, "જ્યાં સુધી કોશલરાજ જીવતો છે ત્યાં સુધી બધા તેના વખાણ છોડવાના નથી. માટે તેને મારી નાખવો જ યોગ્ય છે."

આમ વિચારીને તેણે પોતાના મંત્રીને બોલાવીને કહ્યું, "મંત્રીજી, જાઓ, નગરમાં ઢંઢેરો પીટાવો કે જે માણસ કોશલરાજને મરેલો અથવા જીવતો પકડી લાવશે તેને હજાર સોનામહોરો ઈનામ આપવામાં આવશે."

રાજાના નોકરો ઠેર ઠેર ઘોષણા કરવા લાગ્યા. જે કોઈ તે સાંભળતું, તે આંખો મીંચી, કાને હાથ દબાવી દેતું.

ફાટેલા વસ્ત્રોમાં નિર્ધન કોશલરાજ એક વનમાંથી પસાર થઈ રહ્યા હતા. ત્યાં એને એક વટેમાર્ગુ મળ્યો. આંસુ ભરેલી આંખોથી તેણે રાજાને પૂછ્યું, "ભાઈ, કોશલદેશનો રસ્તો કઈ બાજુ આવ્યો ?" રાજાએ તેને સામું પૂછ્યું, "એ અભાગિયા દેશમાં કેમ જવું છે ભાઈ ?"

વટેમાર્ગુએ કહ્યું, "હું વેપારી વાણિયો છું. મારું જહાજ સમુદ્રમાં ડૂબી ગયું. હવે ભીખ માંગીને કેવી રીતે જીવું ? મેં સાંભળ્યું છે કે કોશલરાજ અનાથનો નાથ છે, કોઈ તેને બારણેથી ખાલી હાથે પાછું નથી ફર્યું. માટે હું તેની પાસે જઈ, મારું દુઃખ દૂર કરવા ઈચ્છું છું."

તે સાંભળી, કોશલરાજે પોતાની આંખમાં આવતા આંસુને છુપાઈ દીધા. ઘડીભર કંઈક વિચાર કર્યો અને કહ્યું, "ભાઈ, તું ઘણી મુશ્કેલીઓ વેઠીને આટલે દૂર આવ્યો છે. તારી ઈચ્છા પૂરી થાય એવો તને માર્ગ બતાવું." એમ કહી તે તેને સાથે લઈને ચાલ્યો.

કાશીરાજ દરબાર ભરીને બેઠો હતો. ત્યાં વનવાસી એટલે કે કોશલરાજ આવીને ઊભા રહ્યા. રાજાએ મોં મલકાવીને તેને પૂછ્યું, "શા કારણસર તમારું આવવું થયું ?"

પેલા વનવાસીએ ધીમેથી કહ્યું, "કાશીરાજ, હું કોશલરાજ છું. મને પકડી લાવે તેને જે મોટું ઈનામ આપવાનું તમે જાહેર કર્યું છે, તે મારા આ જોડીદાર વણિકને આપો. તે ભારે મુશ્કેલીમાં આવી પડ્યો છે. મારી પાસેથી કંઈ મળશે એ આશાએ તે મારા નગરનો રસ્તો પૂછતો જતો હતો. તેવામાં મને વચ્ચે મળ્યો. તેને હું નિરાશ કરવા નથી માંગતો. માટે લો મારું માથું. અને તેને ઈનામની રકમ ગણીને આપો."

આ સાંભળી, વેપારી વણિક ચોંકી ગયો. એને તો સ્વપ્નેય ખ્યાલ નહોતો આવ્યો કે એણે જે વનવાસીને માર્ગ પૂછ્યો હતો તે ખુદ રાજા કોશલરાજ હતા. આખો દરબાર સ્તબ્ધ થઈ ગયો. ઘણાંની આંખો આંસુથી છલકાઈ ગઈ.

ક્ષણભર તો કાશીરાજ પણ ચુપ થઈ ગયો. પછી પોતાના સિંહાસન પરથી ઊઠી કોશલરાજ પાસે ગયો અને બે હાથ જોડીને કહ્યું, "હે કોશલરાજ તમારા પર વિજય મેળવવાના મારા બધા જ પ્રયાસો નિષ્ફળ ગયા. આજે તમે મારા પર સંપૂર્ણ વિજય મેળવી લીધો. તમારું રાજ્ય હું તમને પાછું આપું છું અને સાથે મારું હૃદય પણ. હવે આ ગાદી પર બેસી, તમારા જ રાજ્યભંડારમાંથી આ વણિકને જોઈએ તેટલું ધન આપો."


એમ કહી, કાશીરાજે એ વનવાસીને રાજ આસને બેસાડ્યા અને રાજમુગટ પહેરાવી દીધો. નગરજનો એક અવાજે પોકારી ઊઠ્યા. "ધન્ય કોશલરાજને ! ધન્ય કાશીરાજને !"

Akram Express

October 2019
Year : 12, Issue : 2
Conti. Issue No.: 134

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post Office
on 08th of every month




**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં **# #** હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.